**ફોજદારી કેસ નં.૫૫૭/૨૦૨૩ના કામે**

**–૦– આંક–૧ લગત હુકમ –૦–**

(૧) આ કામનાં આરોપી વિરૂધ્ધ ગુજરાત પ્રોહી. એકટની ક.૮૫(૧)(૩) તથા ૬૬(૧)(બી) મુજબની ફરીયાદ દાખલ થતા તપાસ કરનાર અમલદારે તપાસના અંતે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩ મુજબ અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી વગર પાસ પરમીટના દારૂનો નસો કરી જાહેર સ્થળ ઉપરથી લથડીયા ખાતા પકડાયેલ છે જેથી આરોપી વિરૂધ્ધ ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ–૮૫(૧), ૬૬(૧)(બી) મુજબના ગુનાનુ તહોમત મુકવામાં આવેલ છે. આ કામે પોલીસ દવારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટ તથા તે સાથેના તપાસના પેપર્સ, પંચનામુ, સાહેદોના નિવેદનો વિ. દયાને લેતા આરોપી સામે કલમ ૮૫ ના આવશ્યક તત્વો ફલીત થતા ન હોય, આરોપી વિરૂધ્ધ સદર ગુનાની કાર્યવાહી પડતી મુકી પ્રોહી. કલમ ૬૬(૧)(બી) મુજબનો સમન્સ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) કેસનું રેકર્ડ જોતાં આ કોર્ટ ધ્વારા આરોપીને હાજર રખાવવા અવાર નવાર સમન્સ તથા જામીનદારને નોટિસ કરવામાં આવેલ છે તેમ છતાં ફરીયાદપક્ષ આરોપીને કોર્ટ સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ ગયેલ જણાય છે. જેથી ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. વધુમાં ફરિયાદપક્ષ તરફથી તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ દાખલ કર્યા બાદ અત્રેની કોર્ટમાં હાજર રહી કોઈ કાર્યવાહી કરેલાનું જણાઈ આવતું નથી. આમ, પોલીસ આરોપીને હાજર રાખવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે અને ન્યાયની પ્રક્રિયામાં વિલંબ થાય છે. વધુમાં હાલના કામે ચાર્જશીટ સાથે રજુ ફોર્મ–સી ધ્યાને લેતા તે પણ લોહીના નમુના લેવા માટે ધી બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એક્ષામીનેશન અને બ્લડ ટેસ્ટ) રૂલ્સ, ૧૯૫૯નો નિયમ–૪(૨) વંચાણે લેતા આવુ લોહીના નમુના લીધા તારીખથી સાત દિવસની અંદર ટેસ્ટીંગ ઓફીસરને મળી જાય તે રીતે મોકલવુ જોઈશે પરંતુ રેકર્ડ જોતા હાલના કામે લોહી તા.૨૩/૧૦/૨૦૨૨ના રોજ લેવામાં આવેલ છે પરંતુ ફોર્મ–સી જોતા તા.૧૦/૧૧/૨૦૨૨ના રોજ એટલે કેલોહી લીધાના ૧૮ દિવસ બાદ પૃથ્થકરણ કચેરીને મળેલ છે જે ઉપરોકત નિયમ–૪(૨)નો ભંગ થયેલાનું જણાય આવે છે. જે ફરજીયાત નિયમનો ભંગ થયેલ હોય, તે કારણોસર પણ આરોપી વિરૂધ્ધ કાર્યવાહી ચલાવવી અર્થહિન હોવાનું જણાય આવે છે. આમ, ગુનાનો પ્રકાર અને સજાની જોગવાઈ જોતા તેમજ આ કામ જુનુ હોય અને કાયદાકીય જોગવાઈનો ભંગ પણ થયેલ હોય હવે પછી આ ગુના સંબંધી કાર્યવાહી આગળ ચલાવવાનો કોઈ હેતુ સરે તેમ ન હોઈ સદર કેસ હવે વધુ સમય ચાલુ રાખવો તે માત્ર સમય અને પ્રોસેસનો વ્યય છે તેમજ અદાલતના કીંમતી સમયનો બગાડ છે. જે સંજોગોને લક્ષમાં લેતાં, **નામદાર સુપ્રિમ કોર્ટના પી.આર.રાવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકના જી.એલ.આર. ૨૦૦૨ પાના નં.૧૫૪૯** પર ઠરાવેલ સિધ્ધાંતની નજરે કામ જુનું હોય અને સમરી ટ્રાયેબલ ગુનો હોઈ આગળ ચલાવવુ ઈષ્ટ જણાતુ નથી, જેથી નીચેનો હુકમ કરવામાં આવે છે.

**–૦– હુ ક મ –૦–**

ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૮ તળે આરોપી સામેના ગુજરાત પ્રોહી. એકટની ક.૬૬(૧)(બી) મુજબના ગુનાની હાલની કાર્યવાહી બંધ કરવામાં આવે છે. આરોપી ભવિષ્યમાં મળી આવે તો ફરિયાદપક્ષ ફરી કેસ ચાલુ કરી શકશે.

હુકમ આજરોજ તા.૦૯મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ના રોજ યોજાયેલ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

રાજકોટ
તા.૦૯/૦૯/૨૦૨૩

(દક્ષેશ રાજેશકુમાર જગુવાલા)
૯મા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
રાજકોટ – જીજે૦૦૯૭૩